આંક–૧૨

**નામદાર મજૂર અદાલત, અમદાવાદના એકસ ઓફીસીઓ કમિશ્નર ફોર ધી વ. કો. એકટ શ્રી પી.એ.માલવીયા સાહેબ સમક્ષ**

**ડબલ્યુ.સી.(ફેટલ) અ.નં.૧૩/૨૦૨૧**

<u>અરજદાર</u> : રાઠોડ રમીલાબેન છગનભાઈ,
રહેવાસી : વણકરવાસ, મુ.ડડુસર, તા.ધોળકા, જી.અમદાવાદ

**: <u>વિરૂધ્ધ</u> :**

<u>સામાવાળા</u> : (૧) મેનેજરશ્રી, ઝાયડસ બાયોટેક,
હે.રામદેવ મસાલાની સામે, સરખેજ–બાવળા નેશનલ હાઈવે નં.૭,
મુ.ચાંગોદર, તા.સાણંદ, જી.અમદાવાદ.

(૨) એમ.જે.મેનેજમેન્ટ ફેસીલીટી સર્વિસીસ,
C/o.ઝાયડસ બાયોટેક,
હે.રામદેવ મસાલાની સામે, સરખેજ–બાવળા નેશનલ હાઈવે નં.૭,
મુ.ચાંગોદર, તા.સાણંદ, જી.અમદાવાદ.

<u>હાજર રહયા</u> : અરજદાર તરફે : વિ.વ.શ્રી એસ.એ.ઘાંચી.
સામાવાળા નં.૧ તરફે : વિ.વ.શ્રી જે.ડી.ચાલીસહજાર.
સામાવાળા નં.૨ તરફે : વિ.વ.શ્રી એસ.જી.પંચાસરા.

**–:: <u>ચુકાદો</u> ::–**

આ કામે અરજદારે વર્કમેન કોમ્પેનસેશન એકટ અન્વયે આંક–૧ ની અરજી કરી તેઓના પતિના અવસાન વળતરની રકમ વ્યાજ તથા પેનલ્ટી સહીત વસુલ અપાવવા તથા અરજીનો ખર્ચ અપાવવા અરજ કરેલ છે. સામાવાળા નં.૨ તરફેથી આંક–૭ તથા સામાવાળા નં.૧ તરફેથી આંક–૯ થી લેખીત જવાબ રજુ થયેલ છે. ત્યારબાદ સદર કામે ઈસ્યુ ફ્રેમ કરવાના તબકકે અરજદાર તથા તેમના વિધ્વાન વકીલશ્રીએ આંક–૧૧ થી તેમના પતિને ઈ.એસ.આઈ. યોજના હેઠળ સભ્ય બનાવેલ છે અને તેઓને તેમના સ્વ.પતિના અકસ્માત અંગેના વળતર રૂપે પેન્શન યોજના અંતર્ગત તેમનો કલેઈમ ઈ.એસ.આઈ. કોર્પોરેશને મંજુર કરેલ હોઈ, હાલ પુરતી તેમની અરજી પરત ખેંચે છે. જે પુરસીસ વેરીફાઈ કરી નોંધવામાં આવેલ છે. આમ, અરજદાર તરફેથી હાલની પુરસીસ રજુ કરેલ હોઈ, જેથી હાલની અરજી સંદર્ભે બીજી કોઈ કાર્યવાહી કરવાની થતી ન હોઈ, જેથી હાલની અરજી વિડ્રો થવાથી આજરોજ લોક–અદાલતમાં ફેંસલ કરવામાં આવેલ છે. ખર્ચ અંગે હુકમ નથી.

લેબર કોર્ટ, અમદાવાદની રજીસ્ટ્રી ધ્વારા લેબર કોર્ટ (પધ્ધતિ અને કાર્ય પધ્ધતિ) નિયમો ૧૯૪૭ અન્વયેના પ્રકરણ ૮ ના નિયમ ૩૨ ની જોગવાઈ મુજબ સંબંધીત પક્ષકારને હુકમની નકલ આપવા અંગે નિયમ અનુસારની કાર્યવાહી કરવી.

તારીખ : ૧૨–૦૩–૨૦૨૨
સ્થળ : અમદાવાદ.

(પરવેઝઅહેમદ અલીમોહંમદ માલવીયા)
CODE : GJ00837
કમિશ્નર,
એમ્પ્લોઈ કોમ્પેનસેશન એકટ,
લેબર કોર્ટ, અમદાવાદ.

J.B.KUNJERA,P.A.